હિમતનગરમાં એક રાતમાં ૧૦ મકાનના તાળા તૂટ્યા

એ-ડીવીઝન પોલીસ મથકે ૧.૭૩ લાખની ફરિયાદ નોંધાઈ

હિમ્મતનગર, તા.૭

અરવલ્લી જિલ્લામાં બાયડ,માલપુર અને મોડાસા બાદ તસ્કર ટોળકીએ સાબરકાંઠા જીલ્લાના હિમતનગરમાં રવિવારે રાત્રે બંધ ૧૦ મકાનને નિશાન બનાવી સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી લઇ ગયેલ જે અંગે એ-ડીવીઝન પોલીસ મથકે સોમવારે ફરિયાદ નોધાઇ હતી.

આ અંગેની વિગત એવી છે કે હિમતનગરના જલારામ મંદિર રોડ પર આવેલ તુલસીશ્યામ સોસાયટીમાં રહેતા રહીશો દિવાળીના તહેવારોને કારણે સગા-સંબધીઓને ત્યાં ગયા હતા જેથી તેમના તસ્કર ટોળકીએ ૧૦ બંધ મકાનોને નિશાન બનાવ્યા હતા જેમાં ઘરના મુખ્ય દરવાજાના નકુચા તોડી અંદર પ્રવેશ કરી તિજોરીઓ તોડી નાખી હતી તેમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડની ચોરી કરી લઇ ગયા હતા. આ અંગે સોમવારે સવારે તમામ રહીશોને જાણ થતા હિમતનગર એ-ડીવીઝન પોલીસ મથકે પહોચ્યા હતા જ્યાં ફરિયાદ આધારે પીએસઆઈ - એ.એન.ગઢવીએ રૂ.૧.૭૩ લાખની ચોરીનો તસ્કર ટોળકી વિરુદ્ધ ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી હતી આ અંગે પીએસઆઈ-એ.એન.ગઢવીએ જણાવેલ કે આ મોડાસામાં એક રાતમાં ૨૧ મકાનોમાં ચોરી કરનાર ટોળકી હોવાનું પ્રાથમિક તબ્બકે લાગી રહ્યું છે.

પ્રાંતિજમાં છેલ્લાં કેટલાંય સમયથી ખાલી પડેલ ટીડીઓની જગ્યા ભરવા માંગ

ચાર્જમાં રહેલ ટીડીઓથી સ્ટાફ તથા તાલુકા પંચાયતના ચુંટાયેલા અધિકારીઓ સહિત કોન્ટ્રાક્ટરોમાં રોષ

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે છેલ્લાં કેટલાક સમયથી ટીડીઓની જગા ખાલી પડેલ હોવાં છતાં ભરવામાં નહી આવતાં તાલુકા પંચાયત સ્ટાફ સહિત ચુંટાયેલા હોદેદારો તથા કોન્ટ્રાકટરોમાં રોષ જોવાં મલ્યો છે ત્યારે હાલ જેના સિરે ચાર્જ છે તે ટીડીઓ દ્વારા સંતાનો દૂર ઉપયોગ થતો હોય તેવું જણાઈ આવે છે ત્યારે જેની જવાબદારી છે તે તંત્ર સત્વરે જાગે તેવી માંગ ઉઠવા પામી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ ખાતે તાલુકા વિકાસ અધિકારી ની ખુરશી ખાલી છે અને માત્ર ચાર્જમાં ચાલુ છે ત્યારે કાયમી પોસ્ટ નહી ભરતાં સ્થાનિક તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતાં લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે બીજીબાજુ ચાર્જમાં રહેલ ટીડીઓ દ્વારા સ્ટાફ સહિત તાલુકા પંચાયતના ચુંટાયેલા પ્રમુખ સહિત અધિકારીઓ કોન્ટ્રાક્ટરોમાં અસંતોષ જોવાં મળી રહ્યો છે ત્યારે ચાર્જમાં રહેલ ટીડીઓ દ્વારા વર્ષમાં બબ્બે વખત ઉઘરાણું કરતાં હાલતો આ મુદો ટોપએન ટાઉનમાં છે અને કચેરી સાથે સંકળાયેલા લોકોમાં નિરાશાનો માહોલ જોવા મળી રહ્યો છે ત્યારે સરકાર દ્વારા સત્વરે આ ખાલી પડેલ જગ્યા ભરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે ત્યારે શું આ ખાલી જગ્યા ભરાશે કે પછી આજ ચાર્જમાં રહેલ ટીડીઓ સાહેબ જ સતા સંભાળ છે એ તો હવે જોવાનું રહ્યું.

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં આવેલા જલારામ બપાના મંદિરોમાં સોમવાર જલારામ બાપાની જન્મ જયંતિના દિવસે દર્શન કરવા માટે ભકતો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. માલપુર તાલુકાના મોર ડુંગરી ગામે આવેલા આસ્થાના પ્રતિક સમાન જલારામ મંદિરે જન્મ જયંતિ નિમિત્તે જલારામ બાપાને નવા વાઘા પહેરાવી, મંદિર પરિસર શણગારવામાં આવ્યું હતું. અરવલ્લી જિલ્લા તેમજ મહિસાગર જિલ્લામાંથી જલારામ બાપાની જન્મ જયંતિની ભવ્ય ઉજવણીમાં સહભાગી થવા અને દર્શનનો લાભ લેવા ભકતોની ભારે ભીડ ઉમટી પડી હતી.

પારદર્શક વહીવટ આપવા સરકાર સક્રિય અને સંકલ્પબ્ધ છે : સાંસદ દિલીપભાઈ પંડયા

વડગામ તાલુકાના પસવાદળ મુકામે વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમૂર્હત કરાયા

પાલનપુર, તા.૭

વડગામ તાલુકાના પસવાદળ મુકામે રાજય સભાના સાંસદશ્રી દિલીપભાઇ પંડયાના હસ્તે જલસેવા ભવન, પંચાયત ઘર, પસવાદળ-નાનોસણ રોડ અને કોમ્યુનિટી હોલ સહિત વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમૂર્હત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રાસંગીક પ્રવચન કરતાં સાંસદશ્રી દિલીપભાઇ પંડ્યાએ જણાવ્યું કે આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરેલ વિકાસયાત્રાને મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આગળ ધપાવી રહ્યા છે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી પારદર્શક, નિર્ણાયક, સંવેદનશીલ અને પ્રગતિશીલ સરકાર આપવા સક્રિય અને સંકલ્પબધ્ધ છે. તેમણે જણાવ્યું કે આ સરકાર ગરીબો, દલિતો અને શોષિતોના વિકાસ માટે સતત કાર્યશીલ છે.

આ પ્રસંગે શ્રી પસવાદળ ગામ સમસ્ત દેવસ્થાન ટ્રસ્ટ તથા ગ્રામજનોએ પરમપૂજય મહંતશ્રી ૧૦૦૮ ગુલાબનાથજી મહારાજને વીરરત્ન એવોર્ડ તથા સન્માનપત્ર આપી સન્માન કર્યું હતું. મહંતશ્રી ૧૦૦૮ ગુલાબનાથજી મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા.

આ પ્રસંગે પાલનપુર પ્રાંત અધિકારીશ્રી જે.બી.દેસાઇ, શંકરનાથ મહારાજ, વડગામ તાલુકા પંચાયત પ્રમુખ માનસંગભાઇ ઉપલાણા, દૂધાભાઇ પરમાર, અશ્વિનભાઇ સક્સેના, ગોવિંદભાઇ ચૌધરી, પ્રેમજીભાઇ ચૌધરી તથા વિશાળ સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લીમાં ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર નહિ અપાતાં ખેડૂતોમાં રોષ

મોડાસા તા.૭

અરવલ્લી જિલ્લામાંમાં વિપુલ માત્રામાં અને કપાસ કરતા પણ આ વર્ષે મગફળીનું ૪૧૦૨૩ હેક્ટરમાં વિપુલ વાવેતર કરવામાં આવ્યું છે ત્યારે બજારે ભાવ નીચા જતા ખેડૂતોને પાણીના મુલે મગફળી વેચવાની નોબત આવી હોઈ અને આમછતાં એક માત્ર અરવલ્લી જિલ્લામાં જ એકપણ ખરીદ કેન્દ્ર નહીં અપાતાં ખેડૂતોમાં ભારે આક્રોશ છે.

ખેડૂતોની આ લાગણી અને માગણી સરકારને પહોચાડવા આજે જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભી.મહામંત્રી શામળભાઇ પટેલ,જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઇ પટેલ.ઉપાધ્યક્ષ ભીખાજી ડામોર સહિતના અગ્રણીઓ ગાંધીનગર જશે અને રાજ્યમાં મોટા ભાગના જિલ્લામાં મગફળી ખરીદ કેન્દ્રો અપાયા છે જયારે નવ રચિત અરવલ્લી જિલ્લામાં એકપણ ખરીદ કેન્દ્ર નહીં અપાતા ઉભી થયેલી પરિસ્થિતિમાં સરકાર અરવલ્લી જિલ્લામાં મોડાસા ભિલોડા અને બાયડમાં ખરીદ કેન્દ્ર નતેની કિસનોની માંગ સરકારમાં પહોંચાડશે.

અત્રે ઉલ્લેખનીય ય છે કે જયારે પણ ટેકાના ભાવથી ખેત પેદાશોના ભાવ નીચા જાય છે ત્યારે નક્કી કરેલા ટેકાના ભાવે પાકની ખરીદીના કેન્દ્રો ચાલુ કરી ખેડૂતોને ભાવનું રક્ષણ આપવા પ્રયાસ થાય છે.

પણ આ વર્ષે રાજ્યમાં બીજા જિલ્લાઓમાં મગફળીના ખરીદ કેન્દ્રો અપાયા છે પણ અરવલ્લીને બાકાત રાખતા ખેડૂતોમાં તેના તીવ્ર પ્રત્યાઘાત પડ્યા છે.

વડાલીના વેડાકંપામાં હનુમાનજી મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

ખેડબ્રહ્મા, તા.૭

સાબરકાંઠાના વડાલી તાલુકાના વેડાકંપામાં નવ નિર્મિત હનુમાનજી મંદિરનો પુનઃપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે જલયાત્રા, મૂર્તિ શોભાયાત્રા વાજતે ગાજતે કાઢવામાં આવી હતી. જેમાં હનુમાનજી સાથે ભાથીજી મહારાજની મૂર્તિની પણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

મહેશભાઈ શાસ્ત્રીની ટીમ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધાર્મિક વાતાવરણમાં રંગે ચંગે સંપન્ન કરાઈ હતી. વેડાકંપા તથા ગાજીપુર કંપાના યુવાનો અશોકભાઈ પટેલ, પ્રવિણભાઈ પટેલ, વિનુભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ, ગૌરાંગભાઈ પટેલ, નિરવભાઈ પટેલ સહિત રામજી પાણી પરિવાર દ્વારા ગામની નિપાણી-દિકરીઓને દાનભેટ અર્પણ કરી ધન્ય થયા હતા. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં મોટી સંખ્યામાં ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

પાલનપુરના જાણીતા તબીબ જવાનોને મફત મેડિકલ સારવાર આપી દેશના નાગરિક તરીકેનું ઋણ અદા કરી રહયા છે

દેશ ની રક્ષા કાજે સરહદ પર રાત દિવસ ફરજ બજવતાં જવાનોનું મનોબળ મજબૂત બને તે હેતુ છેલ્લા ૨૦ વર્ષ થી પાલનપુર ના જાણીતા ડોક્ટર સુનિલભાઈ જોશી વિના મૂલ્ય મેડિકલ સારવાર ની સેવા કરી દેશના નાગરિક તરીકે નું ઋણ અદા કરી રહયા છે સરહદી બનાસકાંઠા જિલ્લો આંતરરાષ્ટિય પાકિસ્તાન સરહદ પર આવેલું છે ત્યારે નડાબેટ જેવા વિસ્તાર માં રાત દિવસ અને ગરમી કે ઠંડી હોય કે વરસાદી મોસમ માં ખડે પગે દેશ ના જવાનો ફરજ બજાવતા હોય છે જો કે જવાનો માટે સરકાર દ્વારા મેડીકલ સુવિધા ઉપલબ્ધ હોય છે છતાં પણ કોઈ ખાનગી હોસ્પિટલમાં સારવાર લેવાની ફરજ પડે તો પાલનપુરના ડો સુનિલભાઈ જોશી એ જવાન માટે ફી,તબીબી રિપોર્ટ તેમજ ઓપરેશન જેવી મેડિકલ સારવાર કરી પોતાની નૈતિક ફરજ બજવામાં ગૌરવ અનુભવી રહયા છે.

સાબરકાંઠા જિલ્લાના હિમતનગરમાં સોમવારે ૨૧૭ મી જન્મ જયંતીએ જલારામ મંદિરેથી સવારે શોભાયાત્રા નીકળી હતી ત્યાર બાદ મંદિરે ભગવાન જલારામ બાપાનો ભવ્ય અન્નકૂટ ભરી આરતી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ભક્તો દર્શન માટે ઉમટ્યા હતા.

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિમતનગરમાં નવા અભિગમને લઈને મામલતદાર કચેરીમાં તમામ યોજનોઓ અને અરજદારોને મદદ માટે સહાયતા કેન્દ્રનો સોમવારે જીલ્લા કલેકટર પી.સ્વરૂપ અને પ્રાંત અધિકારી કે.પી.પાટીદારની ઉપસ્થિતિમાં રીબીન કાપી પ્રારંભ કર્યો હતો જે અંગે કલેકટરે તમામ હિમતનગર મામલતદાર સહાયતા કેન્દ્રના સ્ટાફને અરજદાર પ્રત્યે પોતાનું વર્તન સારું રાખવાની મહત્વની વાત કરી હતી.

પ્રાંતિજના મોયદ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો

રેશનકાર્ડ, ચુંટણી કાર્ડ, આધાર કાર્ડ મા અમૃત યોજના સહિતની યોજાયો તાત્કાલિક લાભાર્થીઓને આપવામા આવી

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મોયદ ખાતે સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં મોયદ સહિત આજુબાજુના દશ ગામોનાં લોકો એ લાભ લીધો હતો.

પ્રાંતિજના મોયદ ખાતે આવેલ પ્રાથમિક શાળામાં સરકાર દ્વારા આયોજીત સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો જેમાં લાભાર્થીઓને લાભ મળે તે હેતુ થી સ્થળ ઉપર આખી કચેરી ઉભી કરવામાં આવી હતી જેમાં રેશનકાર્ડ, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ, મા અમૃત યોજના, વાત્સલ્ય કાર્ડ સહિત ની યોજનાઓનો સ્થળ ઉપર તાત્કાલિક લાભાર્થીઓને નોંધણી કરી કાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યાં હતાં જયારે પશુપાલન આશય, ગ્રામ વિકાસ પંચાયત,સામાજિક કલ્યાણ આદિજાતિ વિભાગની વગેરે યોજનાઓ માટેની અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો હતો અને મોયદ સહિત મોરવાડ, ગેડ, કાટવાડ, સાંપડ, પ્રિલુદ્રા વગેરે દશ ગામોમાંથી હજારો ની સંખ્યામાં લાભાર્થીઓએ લાભલીધીહતો જ્યારે આ પ્રસંગે સેવાસેતુ કાર્યક્રમ માં વાહન વ્યવહાર મંત્રી અને સાબરકાંઠા જિલ્લાના પ્રભારી મંત્રી વલ્લભભાઈ કાકડીયા, સાંસદ દિપસિંહ રાઠોડ, પ્રભારી સચીવ જયંતિ એસ.રવિ, જિલ્લા કલેકટરની. સ્વરૂપ, એસ.પી.પ્રવિણ માલ,પ્રાંતિજ-તલોદ પ્રાંન્ત અધિકારી એ.આર.ચૌધરી સહિત વગેરે અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં અને લોકોને સરકારની યોજનાઓ અને લાભ વિશે માહિતિ આપી તેમણાં પ્રશ્નોનો સ્થળ ઉપર જ નિકાલ કાર્યો હતો.

મહેસાણા જિલ્લાના ૪૮ કેન્દ્રો પર આધાર નોંધણી કરાશે

મહેસાણા, તા.૭

મહેસાણા જિલ્લામાં આધારકાર્ડની નોંધણીની કામગીરી અવિરત ચાલું છે. જિલ્લામાં આખરી માહિતી મુજબ ૧૮ વર્ષથી નીચેની વયજુથના આધાર કાર્ડથી વંચિત જુજ વ્યક્તિઓનીજ આધાર નોંધણી બાકી છે. ભારત સરકારશ્રી અને રાજ્ય સરકારશ્રીની વિવિધ યોજનાઓના નાણાંકીય લાભ માટે આધાર કાર્ડ ખુબજ જરૂરી અને અનિવાર્ય બને તે સંભવ છે..આધારકાર્ડની બેન્ક ખાતા સાથે નોંધણી કરાવવી ફરજિયાત છે.

જિલ્લાની દરેક તાલુકા મામલતદાર કચેરી ખાતે તેમજ તેમના કાર્ય વિસ્તારમાં વિભિન્ન જગ્યાએ આધારકાર્ડની નોંધણી થઈ રહી છે.જિલ્લામાં આધારકાર્ડના ૪૮ કેન્દ્રો પર સવારે ૧૦-૦૦ કલાકથી સાંજે ૧૮-૦૦ કલાક સુધી કાર્યરત છે.

આધારકાર્ડ નોંધણી માટે ફોટા સાથેનું ઓળખપત્ર અને નિવાસનો એક પુરાવા સાથે નજીકના નોંધણી કેન્દ્ર ઉપર વિનામુલ્યે મળતા અરજી ફોર્મ ભરી આધાર કાર્ડની નોંધણી થાય છે.આ કામગીરી તદ્દન નિશુલ્ક અને કોઈ પણ ઉંમરના સ્ત્રી અને પુરૂષ કરાવી શકે છે.સરકારશ્રીની યોજનાઓના લાભ માટે અને ભવિષ્યના પુરાવાકીય રેકર્ડ માટે વિના મુલ્યે આધારકાર્ડ મેળવવા જાહેર જનતનાને અનુંરોધ જિલ્લા કલેકટર તરફથી નોડલ અધિકારી જિલ્લા ઈ-સેવા સોસાયટી અને નિવાસ અધિક કલેકટર રમેશ મેરજા દ્વારા કરાયો છે.

સદભાવના ગ્રુપ દ્વારા પાલનપુરમાં ચાના પ્લાસ્ટીક-કપનો બહિષ્કાર કરવા અપીલ

પાલનપુર, તા.૭

સદભાવના ગ્રુપદ્વારા અભિયાન ચલાવી પાલનપુરમાં કેન્સર ને નોતરનાર અને પર્યાવરણ ને ખતરા રૂપ એવા ચાના પ્લાસ્ટીકના કપને દેશવટો આપવામાં આવશે.

પાલનપુર શહેર માં ચાની લારીઓ દુકાનો પર વેપારીઓ પબ્લીકને મોટેભાગે ચા પ્લાસ્ટીકના કપમાં આપે છે. સદભાવના ગ્રુપ દ્વારા કરવામાં આવેલ એક સર્વે મુજબ નાની મોટી પાલનપુર માં ૨૮૭ચાની દુકાનો લારીઓ છે. આ દરેક જગ્યા એ મોટેભાગે પ્લાસ્ટીકના કપ ચા આપવા માટે ઉપયોગ માં લેવામાં આવે છે.

આગામી સમયમાં સદભાવના ગ્રુપ દ્વારા આ ચાની લારીઓ દુકાનો પર ચાના વેપારીઓ ને સમજાવી ને કે આ પ્લાસ્ટિક જે ૪૦ એમ.એમ થી પાતળું હોય છે જેના પર સરકારે પણ પ્રતીબંધ ફરમાવેલ છે અને મેડીકલ સાયન્સ એ પણ સ્વીકાર્યું છે કે આ પ્લાસ્ટીકના કપમાં ચા પીવાથી ચા ગરમ હોવાના કારણે પ્લાસ્ટીકનો થોડો પણ ભાગ પીગળીને માનવ શરીર માં જાય છે જેના કારણે કેન્સર જેવા રોગો પણ થવા પામે છે.અને આ ચાના કપ પર્યાવરણ માટે પણ ખતરા રૂપ છે.આવા ચાના કપ નો ઉપયોગ વેપારી ના કરતા એની સામે પેપર ના કપ અથવાતો માટીના કપ અથવાતો કાચના ગ્લાસનો ઉપયોગ કરે.સદભાવના ગ્રુપ દ્વારા પાલનપુર શેહેર ના વિસ્તારવાઈસ યુવાનોની ટીમ બનાવી વેપારીઓ ને સમજાવવામાં આવશે અને પ્રજાને પણ આ પ્લાસ્ટીકના કપના ગેરફાયદા સમજાવી તેમાં ચા ના સ્વીકારવા માટે અપીલ કરવામાં આવશે.અને પાલનપુર માંથી આ પ્લાસ્ટીકના કપ સમ્પૂર્ણ રીતે ના મળે એ માટેની તકેદારી લેવામાં આવશે.